# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૦/ક્વા-૦૪/૨૦૨૦-૨૧/૧૪૯ તા.૨૭.૦૪.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૯૦/ક્વા-૦૪/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી થારા યુસુફ મોહમદભાઈ ગામ – માંગરોળ

સબડીવીઝન: માંગરોળ શહેર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી માંગરોળ

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: મંગળવાર (૨૦.૦૪.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૦.૦૪.૨૦૨૧ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,તારીખ ૨૮/૦૬/૨૦૧૯ થી તા. ૨૮/૦૮/૨૦૧૯ ના રોજ પાવર વિક્ષેપની સમસ્યા દુર કરવા માટે સ્થાનિક માંગરોળ વિભાગીય કચેરીના જવાબદાર કાર્યપાલક ઈજનેરશ્રી તથા શહેરી પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેરશ્રીને લેખિતમાં જાણ કરવા છતાં પણ આજ દિવસ સુધી કોઈપણ પ્રકારની કામગીરી થયેલ નથી .

આ બાબતે વહેલી તકે નિરાકરણ કરવા આપ સાહેબશ્રીને મારી નમ્ર અરજ છે.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 થારા યુસુફભાઈ મહોમદભાઈ દ્વારા દાતારમંજીલ ખેતીવાડી ફીડરમાં સિંગલ ફેઇઝ ઘર વપરાશ માટેના વીજ જોડાણમાં રોજીંદી પાવર સપ્લાય વિક્ષેપની સમસ્યા દુર કરવા માટેની રજૂઆત કરવામાં આવેલ થારા યુસુફભાઈ મહોમદભાઈ નામે ગ્રાહક નંબર ૮૦૫૦૬/૦૫૨૬૪/૮ ની ૦.૫ K.V નું ખેતીવાડી વિસ્તારમાં ૧૧ કેવી દાતારમંજીલ ખેતીવાડી ફીડર હેઠળ સિંગલ ફેઇઝ ઘર વપરાશ માટેનું (AGRL)વીજ જોડાણ ધરાવે છે ૧૧ કેવી દાતાર મંજિલ ખેતીવાડી ફીડરમાંથી ભંગીવાળા ટ્રાન્સફોર્મર સેન્ટરમાંથી એલ.ટી. લાઇન મારફતે વીજપુરવઠો પુરો પાડવામાં આવે છે.ખેતીવાડી ફીડરમાં નિયમ અનુસાર ૮-કલાક થ્રી ફેઈઝ તથા બાકીની કલાકોમાં સીગલ ફેઈઝ વીજ પુરવઠો લોડ શેડીગ ટ્રાન્સફોર્મર મારફતે આપવામાં આવે છે.અને માંગરોળ તાલુકાનો મોટા ભાગનો વિસ્તાર નારિયેળીનાં બગીચાથી ભરપુર વિસ્તાર છે. જેથી સોમાચાના ગાળા દરમ્યાન વીજવિક્ષેપ થતો હોય છે.જે સમયાંતરે ટ્રી કટીગ કરવામાં આવે છે.તેમ જ જરૂરી સમારકામ કરવામાં આવે છે.

3.૧ અરજદાર દ્વારા તા ૨૮-૬-૨૦૧૯ નાં રોજ લેખીતમાં રજૂઆત કરેલ કે દાતાર મંજિલ ફીડરમાં વીજ પુરવઠો પાંચ –છ કલાક બંધ રહે છે પરંતુ આ સમય ચોમાસાનો હોય અને નારિયેળીના બગીચા હોય જેથી વીજવિક્ષેપ થતો હોય ઉપરાંત અરજદારની રજૂઆત સીટી ફીડરમાંથી વીજ પુરવઠો આપવા માટેની છે જે નિયમ અનુસાર આપી શકાય નહી.ઉપરાંત અરજદાર જણાવે છે કે વોટર વર્ક ફીડરમાંથી વીજ પુરવઠો આપવો જે ટેકનીકલી રીતે નારિયેળીના બગીચાને કારણે લાઇન ઉભી કરવી શક્ય નથી.

3.૨ અરજદારની ૨૮-૮-૨૦૧૯ ની અરજી બાબતે જણાવવાનું કે જયારે ટ્રાન્સફોર્મર પર ડીઓ,જંપર બળી જવા કે વાયર તૂટવા જેવી ફરિયાદ અરજદાર દ્વારા ફોલ્ટ સેન્ટરમાં લખવામાં આવે ત્યારે નિયમાનુસાર આવી ફરિયાદો તુરંત દુર કરવામાં આવે છે.પરંતુ ૧૧કેવિ દાતાર મંજિલ ખેતીવાડી ફીડર માંગરોળ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી હેઠળ આવતું હોવાથી ફીડર ફોલ્ટ એટેન્ડ કરવાની કામગીરી માંગરોળ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા કરવામાં આવે છે. તેમજ અરજદાર રજૂઆતમાં જણાવે છે કે દાતાર મંજિલ ખેતીવાડી ફીડરને બદલે સીટી ફીડરમાંથી પાવર આપવા માટેની રજૂઆત કરેલ છે જે નિયમઅનુસાર આપી શકાય નહી.તેમ જ વોટર વર્ક ફીડરમાંથી ટેકનીકલી રીતે પાવર આપવો શક્ય નથી.ઉપરાંત વાયુ વાવાઝોડા બાબતે રજૂઆત કરવામાં આવેલ જે અંગે જણાવવાનું કે આ વાવાઝોડા દરમ્યાન નેટવર્કમાં ઘણું નુકશાન થયેલ હોય જેમાં પ્રાયોરીટી મુજબ સીટી ફીડર, જ્યોતિગ્રામ ફીડરોમાં વીજ પુરવઠો કાર્યરત થયા બાદ ખેતીવાડી વિસ્તારમાં વીજ પુરવઠો કાર્યરત કરવામાં આવતો હોય છે જે પ્રમાણે અરજદારની લાઈન અંગેની કામગીરી કરવામાં આવેલ હતી.

3.3 વધુ માં આ બાબતે આપશ્રીનુ ધ્યાન દોરવાનું કે અરજદાર દ્વારા તારીખ ૧૯/૯/૨૦૧૯ નાં રોજ સમારકામ માટે અરજી કરવામાં આવેલ તે અરજી ધ્યાનમાં રાખી માંગરોળ શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૨૭/૯/૨૦૧૯ નાં રોજ અરજદારની હાજરીમાં ટ્રીકટિંગની કામગીરી કરવામાં આવેલ અને અરજદારની (ગ્રાહકની) તેમની અરજીમાં સમારકામ પૂર્ણ કરેલ છે તે બાબત ની સહી કરેલ

છે.જે આ સાથે બીડાણથી સામેલ છે. ૧૧ કેવી દાતારમંજિલ ખેતીવાડી ફીડરના તારીખ ૧/૬/૨૦૧૯ થી ૧/3/૨૦૨૧ સુધીના ફીડર ઈન્ટરપ્શન રીપોર્ટ આ સાથે સામેલ છે.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદાર શ્રી ની રજૂઆત ને ધ્યાને લેતા પીજીવીસીએલ કંપની દ્વારા માસ મેંટેનન્સ ગોઠવી,દાતાર મંજીલ ફિડર રિપેરિંગ કરવો તેમજ અકસ્માત ન થાય તેની તકેદારી રાખવી. અને કંપની ના નિયમાનુસાર અરજદાર શ્રી ને પાવર સપ્લાય મળી રહે તે માટે ના જરૂરી પગલાં લેવા.

૪.૨ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધઃ-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ 3.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ 3.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-3૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬3૦૨૬૮૯